RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

પ્રજાપંખ સત્યમેવ જયતે

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

વર્ષ-૦૬ અંક- ૨૪ (સુરત) તા.૧૭/૦૩/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-24 SURAT DATE-17/03/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 શિવરંજની ગ્રુપ દ્વારા ભવ્ય ઉત્સવ ૨૦૨૬- ફૂડ ફેસ્ટિવલ અને એક્ઝિબિશન-નું સફળ આયોજન

2 સુરતના વીવિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા પરપ્રાંતીયો વતન રવાના, રેલવે સ્ટેશન પર લાંબી લાઈન

3 જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય બાળભવનમાં યોજાયો- કૌશલ્ય કુંભ

3 યુદ્ધની આડમાં યાર્નના ભાવમાં કૃત્રિમ તોતીંગ વધારો : ટેક્સટાઈલ ઉદ્યોગ બચાવવા તાત્કાલિક હસ્તક્ષેપની માંગ

## હોર્મુઝ સ્ટ્રેટથી ભારતીય જહાજોને પસાર થવાની મંજૂરી આપશે ઈરાન? જયશંકરે આપ્યો જવાબ

ઈરાન-અમેરિકા યુદ્ધ વચ્ચે ભારતની મોટી રાજદ્વારી જીત: જયશંકરની મધ્યસ્થીથી હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ભારતીય જહાજો સુરક્ષિત પસાર થયા છે. મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષની વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે.

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ખુલાસો કર્યો છે કે, ઈરાન સાથેની સીધી વાતચીતને પરિણામે ભારતીય જહાજો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ શક્યા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના દેશોને આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ ખોલવા માટે યુદ્ધ જહાજો મોકલવાની અપીલ કરી છે.

એક ઈન્ટરવ્યુમાં એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે સતત વાતચીત ચાલી રહી છે. તેના પરિણામે શનિવારે ભારતીય ધ્વજ ધરાવતા બે ગેસ ટેન્કર પર્શિયન ગલ્ફમાં હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સફળતાપૂર્વક પસાર થયા હતા. જયશંકરે સ્પષ્ટ કર્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે કોઈ કાયમી સમજૂતી થઈ નથી. આ કોઈ લેણ-દેણનો મામલો પણ નથી, ઈરાનને તેના બદલામાં કશું આપવામાં આવ્યું નથી. આ



સફળતા બંને દેશો વચ્ચેના લાંબા ગાળાના સંબંધોને આભારી છે. દરેક જહાજની અવરજવર માટે અલગથી વાતચીત કરવામાં આવે છે.

જયશંકરે જણાવ્યું કે, 'મારી ઈરાન સાથે સતત વાટાઘાટો ચાલી રહી છે. જો તેનું કોઈ પરિણામ મળે છે, તો સ્વાભાવિક છે કે હું તેને આગળ પણ ચાલુ રાખવાનો પ્રયાસ કરીશ. ભારતની દ્રષ્ટિએ શ્રેષ્ઠ એ જ છે કે અમે વાતચીત કરતા રહીએ અને તાલમેલ દ્વારા સમાધાન શોધીએ. જો તેના કારણે અન્ય દેશો માટે પણ વાતચીતનો રસ્તો ખુલી જતો હોય. તો વિશ્વ માટે તે સર્વશ્રેષ્ઠ રહેશે.' એક અહેવાલ મુજબ, ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ ના કમાન્ડર અલીરેઝા તંગસીરીએ સોશિયલ મીડિયા પર ઈશારામાં જણાવ્યું હતું કે, સમુદ્રમાં ઈરાની નેવીની કાર્યવાહીના પરિણામો મળી રહ્યા છે. તેમણે ભારતનું નામ લીધા વિના કહ્યું કે, જોખમ અને પ્રતિબંધો હટાવવાનું આ એક વાસ્તવિક મોડલ છે. શનિવારે જયારે ભારતીય ટેન્કરો પસાર થયા, તે જ સમયે ઈરાની તેલ ભરેલા જહાજોને પણ રસ્તો આપવામાં આવ્યો હતો. ભારત તેની જરૂરિયાતના આશરે ૬૦ ટકા લિક્વિફાઈડ નેચરલ ગેસ આયાત કરે છે.

## યુદ્ધને કારણે ચાંદી એકઝાટકે ૪૩૦૦ રૂપિયા તૂટી, સોનું પણ ગગડીને ૧,૫૬,૬૫૫ પર પહોચ્યું

સોમવારે સોના-ચાંદીના ભાવમાં ભારે અસ્થિરતાનો માહોલ જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારમાં આવતા ઉતાર-ચઢાવ અને ભૂ-રાજકીય તણાવને લીધે ભારતીય બજારમાં પણ સોના-ચાંદીના વાયદાના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. ટ્રેડિંગના શરૂઆતી કલાકોમાં સોનાની કિંમતમાં ૧%થી વધુનો કડાકો બોલાયો હતો, જેનું મુખ્ય કારણ અમેરિકન પ્રમુખના દેશની ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો કરવાની આશા ઓછી થઈ હોવાનું માનવામાં આવે છે. વધારામાં, અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને કારણે ફુગાવો વધવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી આર્થિક વિકાસ રૂંધાવાની



આશંકાએ રોકાણકારોની ચિંતામાં વધારો કર્યો છે.

ખઈડ પર એપ્રિલ ડિલિવરીવાળું સોનું ૧૮૦૦ ઘટીને રૂ.૧,૫૬,૬૫૫ પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયું છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ મોટું ગાબડું જોવા મળ્યું છે, જયાં મે ડિલિવરીવાળી ચાંદી રૂ.૪૩૦૦ થી વધુના ઘટાડા સાથે રૂ.૨,૫૫,૧૦૧ પ્રતિ કિલો પર પહોચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં પણ સ્થિતિ નબળી છે, તેમજ હુમલામાં ઓઇલના મહત્ત્વના કેન્દ્રોને નિશાન બનાવવામાં આવતા ક્રૂડ ઓઇલના ભાવ ઉછળ્યા છે, જેની સીધી અસર કિંમતી ધાતુઓ પર પડી છે. સિંગાપોર માર્કેટમાં સ્પોટ ગોલ્ડ ૦.૭% ઘટીને ૫,૦૦૦ ડોલરના સ્તરથી નીચે ઉતરી આવ્યું છે.

ભારત સરકારના એક નિર્ણયથી જવેલર્સ અને ગ્રાહકોને થોડી રાહત મળી શકે છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેએ ભરૂચના ઝાડેશ્વર સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં જળાભિષેક કરી દર્શન કર્યા

ભરૂચ -ભરૂચ જિલ્લાના નર્મદા કિનારે સ્થિત પ્રખ્યાત ઝાડેશ્વર સ્વામિનારાયણ મંદિરમાં આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેએ ભક્તિભાવથી મુલાકાત લઈ દર્શન કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણની મનમોહક મૂર્તિ સમક્ષ નતમસ્તક થઈ આશીર્વાદ મેળવ્યા હતા તથા શાસ્ત્રોક્ત વિધિ મુજબ પવિત્ર જળાભિષેક કર્યો હતો. પવિત્ર મંત્રોચ્ચાર અને ભક્તિમય વાતાવરણ વચ્ચે મુખ્યમંત્રીએ ભગવાન સ્વામિનારાયણને જળાભિષેક અર્પણ કરી ગુજરાત રાજયની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે મંગલ પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી એ મંદિરની આધ્યાત્મિક મહિમાની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે,




ઝાડેશ્વર સ્વામિનારાયણ મંદિર હજારો ભક્તોની આસ્થાનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. અહીંથી પ્રાપ્ત થતી આધ્યાત્મિક ઉર્જા રાજયના વિકાસમાં સેવા અને સમર્પણનો ભાવ પ્રેરિત કરે છે. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રી સાથે રાજયમંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયા, રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલ, સ્થાનિક ધારાસભ્યો, જિલ્લાના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. સંતમંડળે મુખ્યમંત્રી ને આશીર્વાદ પાઠવી રાજયના સર્વાંગી વિકાસ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

## યૌન શોષણની પીડિત બાળકીઓને વારંવાર કોર્ટમાં ન બોલાવો..', ટ્રાયલ કોર્ટને દિલ્હી હાઈકોર્ટની ફટકાર

દિલ્હી હાઈકોર્ટે પોક્સો કેસના પીડિતોને વારંવાર કોર્ટમાં હાજર રહેવા માટે સમન્સ મોકલવામાં નીચલી અદાલતોના વલણ પર ચિંતા વ્યક્ત કરી છે અને તેમને ફટકાર લગાવી છે. હાઈકોર્ટના જજ સ્વર્ણ કાંત શર્માની કોર્ટે નિર્દેશ આપ્યો છે કે, ટ્રાયલ અથવા જામીનની સુનાવણી દરમિયાન પીડિત સગીર બાળકીઓને વારંવાર કોર્ટમાં બોલાવવું યોગ્ય નથી. આમ કરવાથી બાળકોને માનસિક વેદના અને ફરીથી ટ્રોમાનો સામનો કરવો પડી શકે છે. આ કેસ ૨૦૨૨ના યૌન શોષણના કેસ સાથે સંબંધિત છે, જેમાં સગીર પીડિતાને ટ્રાયલ દરમિયાન ૯ વખત કોર્ટમાં હાજર થવું પડ્યું હતું. એટલું જ નહીં, હાજર ન રહેવા બદલ જામીનપાત્ર વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું.

બાર એન્ડ બેન્ચના એક અહેવાલ પ્રમાણે જસ્ટિસ સ્વર્ણ



કાંત શર્માની કોર્ટે કહ્યું કે, 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ હેઠળ કોર્ટે ચાઈલ્ડ ફ્રેન્ડલી પ્રક્રિયા અપનાવવી જોઈએ, જેથી પીડિત બાળકીઓને વારંવાર અથવા બિનજરૂરી રીતે કોર્ટમાં હાજર ન રહેવું પડે. જો શક્ય હોય તો બાળકોના નિવેદનો રેકોર્ડ કરવા માટે વિડીયો કોન્ફરન્સિંગનો ઉપયોગ કરવામાં આવે, જેથી તેમને કોર્ટમાં આવવાની જરૂરિયાત ઓછી પડે.'

## પ. બંગાળમાં મમતાની 'હેટ્રિક' કે ભાજપ કરશે 'ખેલા'? ઓપિનિયન પોલમાં ચોકાવનારો દાવો

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થતા જ રાજકીય ગરમાવો વધી ગયો છે. આ વચ્ચે, મેટરાઈઝ-ઈઅગજ દ્વારા કરવામાં આવેલો પહેલો ઓપિનિયન પોલ સામે આવ્યો છે. જેણે બંગાળની સત્તાની ચાવી કોની પાસે રહેશે તે અંગે મોટો ઈશારો કર્યો છે. આ પોલના આંકડા ભાજપ અને ઝખઈ વચ્ચે કાંટાની ટક્કર તરફ ઈશારો કરી રહ્યા છે.

ઓપિનિયન પોલના આંકડા મુજબ, પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ ની સરકાર બનતી દેખાઈ રહી છે. જોકે, ભાજપ તરફથી થતા સખત પ્રચાર અને પ્રયાસોને કારણે ઝખઈ ને બેઠકોમાં નુકસાન થવાની સંભાવના છે.



ગત ચૂંટણીની સરખામણીએ ઝખઈ ની બેઠકોમાં ઘટાડો થઈ શકે છે, પરંતુ તેઓ બહુમતના આંકડાને સ્પર્શવામાં સફળ રહી શકે છે.

સર્વે મુજબ, સૌથી રસપ્રદ વાત એ છે કે, બેઠકોની રેસમાં ભલે ઝખઈ આગળ હોય, પરંતુ વોટ ટકાવારીના મામલામાં ભાજપ અને ઝખઈ વચ્ચેનું અંતર ખૂબ ઓછું થઈ ગયું છે. આ આંકડો બતાવે છે કે, બંગાળમાં આ વખતે મુકાબલો અત્યંત નજીકનો હોવાનો છે.

ઓપિનિયન પોલના આંકડા મુજબ ભાજપના વોટ શેરમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે, જે બતાવે છે કે ભાજપના જોરદાર ચૂંટણી પ્રચારની અસર થઈ રહી છે. મમતા બેનર્જી જયાં પોતાની સત્તા બચાવવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે, ત્યાં ભાજપ પણ સરકાર બનાવવા માટે આકાશ-પાતાળ એક કરી રહી છે. હવે સવાલ એ છે કે શું જમીની સ્તર પર આ આંકડા હકીકત બનશે કે પછી ૪ મે ના પરિણામો કોઈ અલગ જ કહાની લખશે?

## ગેસના બાટલાની બબાલ પૂરી થશે, પ્રજાને હાશકારો અને કાળાબજારિયાઓ પર તવાઈ

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ૧૫ દિવસથી ચાલતા યુદ્ધની અસર ભારતમાં નાગરિકોને થઈ રહી છે. દેશમાં એલપીજીનો પર્યાપ્ત જથ્થો હોવાના કેન્દ્ર સરકારના દાવાઓ છતાં લોકોએ રાંધણ ગેસની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. વધુમાં સરકારે કમર્શિયલ એલપીજીનું વેચાણ પણ બંધ કરી દીધું હતું. જોકે, હવે પેટ્રોલિયમ મંત્રાલયે શનિવારે કહ્યું કે, દેશના ૨૯ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કમર્શિયલ એલપીજી સિલિન્ડરનું વેચાણ



ફરી શરૂ કરી દેવાયુંછે.બીજીબાજુ હોર્મુઝની ખાડીમાંથી પસાર થયેલા ભારતના બે એલપીજી ટેન્કર સોમવારે અને મંગળવારે ગુજરાતના બંદરો પર પહોંચી જશે. આ સાથે દેશમાં એલપીજી સંકટ પૂરું થવાની શક્યતા છે.

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધ અને હોર્મુઝની ખાડીની આજુબાજુ પેદા થયેલી અનિશ્ચિતતા વચ્ચે ભારતને રાહતના સમાચાર મળ્યા છે. ઈરાન સાથે થયેલી વાતચીત પછી અંદાજે ૯૨૦૦૦ ટન એલપીજી લઈને ભારતના બે ટેન્કરો શિવાલિક અને નંદાદેવીએ હોર્મુઝની ખાડી પાર કરી દીધી છે અને હવે તે બે દિવસમાં ભારત પહોંચી જશે. સૂત્રોએ જણાવ્યું કે, શિવાલિક ટેન્કર સોમવારે મુંદ્રા અને નંદા દેવી ટેન્કર મંગળવારે કંડલા બંદરે પહોંચી જશે. આ સાથે ભારતની એલપીજી કટોકટી ખતમ થવાની આશા વ્યક્ત થઈ રહી છે.

શિપિંગ મંત્રાલયે કહ્યું કે, હોર્મુઝની ખાડીમાં ભારતીય ઝંડાવાળા ૨૨ જહાજ ફસાયેલા છે. આ જહાજોમાં ૬૧૧ ભારતીય નાવિક કામ કરી રહ્યા છે અને બધા જ સુરક્ષિત છે. બે એલપીજી ટેન્કરોએ હોર્મુઝની ખાડી પાર કર્યા પછી હવે આ ટેન્કરોના પસાર થવાની રાહ જોવાઈ રહી છે.બીજીબાજુ દેશમાં કમર્શિયલ એલપીજી સિલિન્ડરની અછત પણ દૂર થવાની સંભાવના છે.

## શું તમારા ઘરમાં LPG સિલિન્ડર છે કે ગેસ પાઈપલાઈન ? જાણો કેન્દ્ર સરકારે જાહેર કર્યા નવા આદેશ

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાનના યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલ અને ગેસ સપ્લાય પર ગંભીર સંકટ ઉભું થયું છે. સ્થિતિ એવી છે કે, તેની અસર ભારત પર પણ જોવા મળી છે. કેન્દ્ર સરકાર વારંવાર કહી રહી છે કે, દેશ પાસે ક્રૂડ ઓઈલ અને ગેસનો પુરતો સ્ટોક છે, છતાં અનેક રાજયોમાં LPG સિલિન્ડર લેવા માટે નાગરિકો લાઈન લગાવી રહ્યા છે. એટલું જ નહીં જરૂર ન હોવા છતાં લોકો સિલિન્ડરનું બુકિંગ પણ કરાવી રહ્યા છે, જેના કારણે વર્તમાન સ્થિતિમાં બુકિંગના આંકડાઓમાં ધરખમ વધારો થયો છે. યુદ્ધના કારણે ગેસ સપ્લાય પર અસર થઈ છે, જોકે સરકાર તેની અસર ઘટાડવા માટે તમામ ઉપાયોગ કરી રહી છે. આ જ ક્રમમાં પેટ્રોલિયમ મંત્રાલયે LPG સિલિન્ડર અને ગેસ પાઈપલાઈન અંગે નવો આદેશ જાહેર કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, પેટ્રોલિય મંત્રાલયે સ્પષ્ટ કહ્યુંછે કે, જે ઘરમાં ગેસ પાઈપલાઈન એટલે કે PNG કનેક્શન છે, તેઓને LPG સિલિન્ડર અપાશે નહીં. નવા ફેરફાર મુજબ, હવે જે ગ્રાહકો પાસે પાઇપ્ડ નેચરલ ગેસ કનેક્શન છે, તેઓને એલપીજી સિલિન્ડર નહીં મળે. આ નવા આદેશ હવે ગ્રાહકો જૂના



સિલિન્ડર રિફિલ નહીં કરાવી શકે.

સરકારનું માનવું છે કે, વર્તમાન કટોકટીના સમયમાં જરૂરીયાત લોકો સુધી ગેસ સપ્લાય પહોંચાડવો ખૂબ જરૂરી છે, તેથી જે વિસ્તારોમાં પીએનજી પાઈપલાઈન છે, ત્યાં એલપીજી સિલિન્ડરનો પુરવઠો ઘટાડવામાં આવશે અને ગ્રામીણ અથવા દૂરના વિસ્તારોમાં પાઈપલાઈનની સુવિધા નથી, ત્યાં એલપીજી સિલિન્ડરનો પુરવઠો પહોંચાડવામાં આવશે.

હાલ LPG પર સબસિડી મળી રહી છે, તે સરકાર માટે એક મોટો નાણાંકીય બોજ છે. પીએનજી પાઈલાઈન ધરાવતા વિસ્તારોમાં LPG સિલિન્ડરનો પુરવઠો ઘટાડવાથી સરકારી ખજાનાને રાહત મળશે. આ ઉપરાંત એલપીજી કરતા પીએનજી ખૂબ સુરક્ષિત માનવામાં આવે છે અને તે પર્યાવરણને પણ નુકસાન કરતું નથી.

આજ પ્રજાપંખ માં....

## ગુજરાત ગૌરવગીત



તાપીથી વાપી ઝળહળે,
દક્ષિણ ગુજરાત!
હરિયાળી ખેતર હસે,
દક્ષિણ ગુજરાત!
દરિયો ગાજે, પર્વત ગૂંજે,
ગૌરવની છે વાત,
જય જય ગાય ધરતી આજે,
તે દક્ષિણ ગુજરાત!
જય! જય! ગુજરાત!
જય! જય! ગુજરાત!
ગૌરવ ગાયે ભારત,
તે દક્ષિણ ગુજરાત!

ચોર્યાસી બંદરે લખ્યું,
યશનું અમર ગાન,
આઝાદીના બ્યુગલ વાગ્યા,
ગૂંજ્યું ભારત ધામ.
બ્રિટિશ તોફાન વહી ગયું,
તોય અણનમ રહી ધરા,
શૌર્ય ગાથા ગાયે આજે,
ગુજરાત અમારી મા!
જય! જય! ગુજરાત!
જય! જય! ગુજરાત!

દાંડીમાં જયારે પગ પડ્યા,
ગાંધીની શાન,
બારડોલી ગુંજી ઊઠ્યું,
સરદારનું માન.
આફત આવી લાખ ભલે,
હસતાં મુખે સહાય,
એકતા સંગઠન ગાયે,
સુરતની જનતાય!
જય! જય! ગુજરાત!
જય! જય! ગુજરાત!

ભીલ-આદિવાસી સંગે,
પટેલો ગાય ગીત,
ખારવા પારસી ભાઈ,
પ્રેમની તે પ્રીત.
હિન્દૂ મુસ્લિમ શીખ ઈસાઈ,
એકતા સંગાથ,
દૂધમાં સાકર ભળી જાય,
તે ગુજરાતની વાત!
જય! જય! ગુજરાત!
જય! જય! ગુજરાત!

જરી હીરા કાપડ ઉદ્યોગ,
તેજસ્વી છે ધરતી,
ભામાશા જેવા દાતા,
સખાવતો ની વાર્તા.
તાપી તટે સમૃદ્ધિ વહે,
મહેનતની જયોત,
ગુજરાત ગૌરવ ગાયે,
વિશ્વમાં પ્રભોર !
જય! જય! ગુજરાત!
જય! જય! ગુજરાત!

નર્મદ શબ્દો ગૂંથી ગયા,
સાહિત્ય દીપ,
કલા સંગીત ગુંજે,
ગુજરાત તે અનૂપ.
નવરાત્રિના રાસે ગુંજે,
વિશ્વનો આકાશ,
ગુજરાત ગૌરવ ગાયે,
ભારતનો વિશ્વાસ!
જય! જય! ગુજરાત!
જય! જય! ગુજરાત!
ભારત માતા ગાયે,
દક્ષિણ ગુજરાત!

**રચના: પ્રકાશ ભાવસાર**

## રાશીફળ

**મેષ** -આ અઠવાડિયા ભાઈ-બેન અને મિત્ર સાથે ફરવાના અને રેસ્ટોરેટમાં જવાની ઈચ્છા પ્રબળ થશે. એના પાછળ ખર્ચની માત્રા વધશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે. સત્સંગ થશે.યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃષભ** -કોઈ કામમાં જલ્દબાજી ન કરવી. ગુસ્સામાં લીધેલા નિર્ણય મુશ્કેલીમાં નાખી શકે છે. આમ તો રોકાયેલા કામ પૂરા થશે જેનાથી માનસિક શાંતિ મળશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

**મિથુન**-કોઈ કામમાં જલ્દબાજી ન કરવી. ગુસ્સામાં લીધેલા નિર્ણય મુશ્કેલીમાં નાખી શકે છે. આમ તો રોકાયેલા કામ પૂરા થશે જેનાથી માનસિક શાંતિ મળશે.ઘરમાં મહેમાનનું આગમન થશે.પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**કર્ક** -કોઈ કામમાં જલ્દબાજી ન કરવી. ગુસ્સામાં લીધેલા નિર્ણય મુશ્કેલીમાં નાખી શકે છે. આમ તો રોકાયેલા કામ પૂરા થશે જેનાથી માનસિક શાંતિ મળશે.કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ**-કોઈ કામમાં જલ્દબાજી ન કરવી. ગુસ્સામાં લીધેલા નિર્ણય મુશ્કેલીમાં નાખી શકે છે. આમ તો રોકાયેલા કામ પૂરા થશે જેનાથી માનસિક શાંતિ મળશે.ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે.

**કન્યા**-કોઈના ભરોસે ન રહેતા પોતાનું કામ પોતે જ કરવું. પાછલા અટકેલા કાર્યોની તરફ ધ્યાન આપીને પ્રયત્ન કરવા પર સારા પરિણામ આવવાની શક્યતા છે. ધન તેમજ સમય પસાર થવાનો યોગ.યાત્રા થઈ શકે છે.

**તુલા**-કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. અપરણિતોનાં લ સંબંધી યોગ.ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**વૃશ્ચિક** -નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

**ધન**-શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધામાં ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**મકર** અર્થની પ્રાપ્તિનો યોગ છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ આવશે. માતા-પિતાની ચિંતાઓ દૂર થશે. કાર્યોમાં વિલંબ થવાનો યોગ છે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થશે.

**કુંભ**-શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા વેગેરેનો યોગ. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ, શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ.

**મીન**-જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે. તત્સંબંધમાં બહારના ક્ષેત્રોથી મદદ મળશે. વરિષ્ઠ સામાજિક વ્યક્તિઓથી વિવાદ થશે.જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે.

# શિવરંજની ગ્રુપ દ્વારા ભવ્ય ઉત્સવ ૨૦૨૬- ફૂડ ફેસ્ટિવલ અને એક્ઝિબિશન-નું સફળ આયોજન



**પ્રજા પંખ સુરતઃ** શિવરંજની ગ્રુપ દ્વારા આયોજિત ઉત્સવ ૨૦૨૬- ફૂડ ફેસ્ટિવલ અને એક્ઝિબિશન કાર્યક્રમનું ભવ્ય અને સફળ આયોજન તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ, હસ્તકલા અને વિવિધ પ્રદર્શનોથી સજ્જ એક્ઝિબિશનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત મહેમાનો અને મુલાકાતીઓએ ભારે ઉત્સાહ સાથે માણ્યું હતું.

કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન શ્રીમતી કામિનીબેન ચંદ્રકાંત કદમ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની સુવ્યવસ્થિત માર્ગદર્શન અને આયોજન ક્ષમતાના કારણે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નીચેના કાર્યકર્તાઓએ અત્યંત ઉત્સાહ, સમર્પણ અને અથાક મહેનત કરી હતી,

હીના માલી, મીનાક્ષી કદમ, કેયુર કદમ, તુષાર ઝાજે, હેતલ ઝાજે, વર્ષા ગાયકવાડ, કમલ ખાંનવિલકર, શીતલ કદમ, સંગીતા ચાંદલેકર, આશા મોરે, ઉર્વશી કદમ, કાજલ પવાર, જગદીશ મોરે, દિપક કદમ, સંત શાંતારામ ચૌહાણ, રાકેશ કદમ, સંધ્યાબેન પવાર, સુમિત મોરે અને તેજસ વાડકર.

કાર્યકર્તાઓની સંકલિત ટીમવર્ક, અવિરત પરિશ્રમ અને સમર્પિત ભાવનાથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહેમાનો અને નાગરિકોએ આયોજનની ખૂબ પ્રશંસા કરી હતી અને શિવરંજની ગ્રુપના આ સુંદર પ્રયત્નને અભિનંદન પાઠવ્યા હતા. આવા સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો સમાજમાં એકતા, આનંદ અને સહકારની ભાવનાને વધુ મજબૂત બનાવે છે, એવી લાગણી કાર્યક્રમ દરમિયાન વ્યક્ત કરવામાં આવી હતી.

### સુરતમાં બ્રહ્મસમાજની બહેનો માટે રોજગાર મેળાનું આયોજનઃ

## ૭૫થી વધુ સ્ટોલ્સ દ્વારા 'વોકલ ફોર લોકલ'ને વેગ; સરકારી યોજનાઓ અને લોનનું માર્ગદર્શન અપાયું

સુરત-આજે સુરત ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા મહિલા પાંખ, કલ્પવૃક્ષ ફાઉન્ડેશન અને પ્રતિભા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે બ્રહ્મ સમાજની બહેનો માટે એક વિશેષ રોજગાર મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય



સમાજની દીકરીઓ અને મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવાનો અને તેમને ઉદ્યોગ સાહસિકતા તરફ વાળવાનો છે. આ રોજગાર મેળાનો મંગલ પ્રારંભ સુરતના પૂર્વ મેયર દક્ષેશ માવાણી સહિત બ્રહ્મ સમાજના અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાઇ પલ્લવી મધુબાલાની બાયોપિકની મુખ્ય હિરોઇન તરીકે ચર્ચામાં



મુંબઇ : સંજય લીલા ભણશાલીની મધુબાલાની બાયોપિક હાલ ચર્ચામાં છે. તેની મુખ્ય અભિનેત્રી તરીકે હવે સાઇ પલ્લવીનું નામ ચર્ચામાં છે. કહેવાય છે કે, સંજય લીલા ભણશાલીને પહેલાથી જ સાંઇ પલ્લવી મધુબાલાના રોલ માટે પસંદ હતી. થોડા મહિનાઓ પહેલા કિયારા અડવાણીનું નામ ચર્ચામાં હતું. ત્યાર પછી અનીતા પડ્ડાનું નામ આવ્યું હતું.હવે સાઇ પલ્લવીનું નામ ચર્ચાઇ રહ્યું છે. જોકે સત્તાવાર રીતે મધુબાલાની ફિલ્મની કાસ્ટિંગ વિશે કશું જણાવામાં આવ્યું નથી.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, સંજય લીલા ભણશાલી ફિલ્મ માટે એક નવા ચહેરાની શોધમાં હતા. તેને મધુબાલાના રોલ માટે સાઇ પલ્લવી યોગ્ય લાગી હતી. બોલીવૂડમાં સાઇ પલ્લવી બહુ જાણીતો ચહેરો નહીં હોવાથી ભણશાલી તેને લેવા માંગતો હતો. પરંતુ કોઇ કારણોસર વાત આગળ વધી શકી નહોતી. પરંતુ હવે કહેવાય છે કે, સાંઇ પલ્લવીના નામ પર ભણશાલીએ મહોર મારી દીધી છે.

# તંત્રી લેખ........

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જોખમકારક - બુદ્ધિચાતુર્ય પણ જરૂરી

એઆઈ ગ્લાસ તમારા ચહેરાને ઓળખી તમારૂ નામ, સરનામું, ડિગ્રી, વ્યવસાય, નોકરી વગેરેની માહિતી આપી શકે છે

હ વે વકીલો અને ડોક્ટરો પણ એઆઈની મદદ લેવા માંડયા છે. એઆઈની ક્ષતિ કોર્ટમાં જણાતા નામદાર કોર્ટે વકીલોને સુચના આપી છે કે તેમણે પોતાના બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ પણ સાથે કરવો. જીએસટીના અધિકારીઓને પણ જણાવાયું છે કે એઆઈ ગેરસમજ ઊભી કરે છે એટલે પૂરો અભ્યાસ કરીને જ નિર્ણય લેવો.

આજકાલ રોબોટ, ડ્રાઇવર વગરની કાર એવી અનેક ટેક્નોલોજીની વાત થઈ રહી છે. આમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ પણ ઉમેરાયું છે. આ કૃત્રિમ બુદ્ધિથી અનેક પ્રશ્નોના ઉત્તર સરળતાથી મેળવી શકાય છે છતાં તમારે એની સાથે કુદરતી બુદ્ધિનો ઉપયોગ કરવો જ પડે છે. આ કૃત્રિમ બુદ્ધિ આપણાં જીવનમાં એવી સ્માર્ટલી ઘૂસી ગઈ છે ને કે આપણને એની ખબર પણ પડતી નથી. તમારા સ્માર્ટ ફોનમાં આ કુબુ જ હવે જવાબ આપે છે ટીવીમાં પણ આ કુબુ જ કામ કરે છે. એક બાળકને તમે બધી વસ્તુ શીખવો અને મહેમાન આવે ત્યારે તમે બાળકને પૂછો તો બાળક જેટલું જાણે છે એટલું કહે છે. બસ આ કૃત્રિમ બુદ્ધિનું પણ એવું જ છે. જોકે કૃત્રિમ બુદ્ધિ ઉત્તરના આણાવાણા ગણી તમને ઉત્તર આપે છે. એના ફાયદા પણ છે અને ગેરફાયદા પણ એટલે તમારે તમારી પોતાની બુદ્ધિ વાપરીને પણ તારણ કાઢવું પડે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના ગેરફાયદા ધ્યાનમાં રાખવા જેવા છે. (૧) એનાથી તમે આળસુ બનો છો, શોર્ટકટ શોધો છો અને જવાબદારીમાંથી છટકો છો. (૨) તમારી પોતાની સર્જનશક્તિ ઓછી કરતા જાવ છો. (૩) તમારી પ્રાઇવેસીની ઘોર ખોદાય છે. (૪) તમે ક્યાં ગયા, શું ખાધું, કોની સાથે ફર્યા, ક્યા એડ્રેસ પર રહો છો એ બધું જ આ કુબુ આપી દે છે.

એઆઈથી ઓટોમેશન થવાથી અનેક લોકો નોકરી વગરના થઈ જાય છે. ફક્ત ચતુર સંશોધકો જ નોકરીમાં ટકી શકે છે. એઆઈ જુઠ્ઠી માહિતી ફેલાવી શકે છે. એઆઈ કોઈ ભૂલ કરે તો એને માટે જવાબદાર કોણ છે એ સ્પષ્ટ નથી. વિશાળ એઆઈ મોડેલને તાલિમ આપવા નોંધપાત્ર એનર્જી ખર્ચાય છે. પ્રદુષણમાં પણ તેનો ફાળો નોંધવામાં આવ્યો છે.

તમારી ઈચ્છા હોય કે ના હોય, તમારા દૈનિક કાર્યક્રમમાં એઆઈ કંઈ ને કંઈ ભાગ ભજવે છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ હવે ચશ્માની અંદર પણ ગોઠવાય ગયું છે. મેટા નામની કંપનીએ રેબાનના સહયોગમાં અદ્ભુત ગ્લાસ બનાવ્યા છે. આ ચશ્મા પહેરીને તમે ફ્રેમ પરના કલીકથી સામી વ્યક્તિનો ફોટો લઈ શકો છો. ગુગલ એઆઈ ગ્લાસ કોઈપણ વ્યક્તિની માહિતી મેળવી શકે છે. એક રીતે કહીએ તો એઆઈ ગ્લાસ ઈન્ટરનેટ અને સોશ્યલ મિડીઆ પરની તમારી બધી જ બાબતો જણાવી શકે છે. આથી તમારી પ્રાયવેસી માટે આ ટેક્નોલોજી જોખમકારક છે. એઆઈ ગ્લાસ તમારા ચહેરાને ઓળખી તમારૂ નામ, સરનામું, ડિગ્રી, વ્યવસાય, નોકરી તેમજ લિંક ડેઇન વગેરેની માહિતી આપી શકે છે. આ રીતે તમારી કોઈ બાબત ખાનગી રહેતી નથી અને એથી તમારો દુરૂપયોગ થઈ શકે છે. એટલે જ વડાપ્રધાને એક સંમેલનમાં એઆઈનો ઉપયોગ લોકકલ્યાણ માટે જ થાય એવો નિર્દેશ કર્યો હતો.

### કોરોનાકાળ જેવી સ્થિતિ ન થાય તે પહેલા વતનની વાટ પકડી

## સુરતના વીવિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા પરપ્રાંતીયો વતન રવાના, રેલવે સ્ટેશન પર લાંબી લાઈન


સુરત-મિડલ ઇસ્ટમાં વધતા યુદ્ધનાં તણાવથી રાંધણ ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે, તેને કારણે હવે સુરતમાં વસતા પરપ્રાંતીય શ્રમિકોની હાલત રોજબરોજનાં ગેસ વપરાશને લઈને કટોકટી ભરી બની ગઈ છે. ગેસની બોટલો કાળા બજારમાં ચારથી પાંચ ઘણા ભાવે વેચાઈ રહી છે, જે શ્રમિકોને કોઈ કાળે પરવડે તેવું નથી. ગેસ સંકડ વચ્ચે હવે તેમની ધીરજનાં બાણ ખુટી



જતાં અને કોરોનાકાળ જેવી સ્થિતિ ન સર્જાય તેવા ડરથી પરપ્રાંતિઓ વતનની વાટ પકડી રહ્યાં છે. ૧૫ માર્ચે રેલવે સ્ટેશન પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

## IPL ૨૦૨૬ પહેલા દિલ્હી કેપિટલ્સને મોટો ફટકોઃ દિગ્ગજ મેન્ટર કેવિન પીટરસને ટીમનો સાથ છોડ્યો!

IPL ૨૦૨૬ ની શરૂઆત આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે દિલ્હી કેપિટલ્સ માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ટીમના મેન્ટર અને ઇંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ કેપ્ટન કેવિન પીટરસને અચાનક જ ટીમનો સાથ છોડી દીધો છે.




કેવિન પીટરસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને સ્પષ્ટ કર્યું છે કે તે મેન્ટરની ભૂમિકા માટે જરૂરી પૂરો સમય આપી શકે તેમ નથી. તેમણે લખ્યું, 'હું IPL ની આ સીઝનમાં દિલ્હી કેપિટલ્સનો મેન્ટર બની શકું તેમ નથી. આ કામ માટે જેટલો સમય જોઈએ, તેટલો સમય હું અત્યારે ફાળવી શકું તેમ નથી. જોકે, હું કોમેન્ટ્રી બોક્સમાં ચોક્કસ જોવા મળીશ.'

ગયા સીઝનમાં પીટરસને દિલ્હીના યુવા ખેલાડીઓ, ખાસ કરીને આશુતોષ શર્મા જેવા બેટ્સમેનો સાથે મળીને કામ કર્યું હતું. આશુતોષે પણ પીટરસનના માર્ગદર્શનની પ્રશંસા કરતા કહ્યું હતું કે તેમના કારણે રમત પ્રત્યેનો તેનો અભિગમ બદલાયો છે. હવે પીટરસનની વિદાયથી ટીમના યુવા ખેલાડીઓ માટે માર્ગદર્શનની મોટી ખોટ પડશે.

ગયા સીઝનમાં IPL ની વચ્ચે જ પીટરસન એક અઠવાડિયા માટે માલદીવ ફરવા ગયા હતા, જેના કારણે તેમની ટીકા પણ થઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, પીટરસન આ સીઝનમાં પણ વચ્ચે બ્રેક લેવા માંગતા હતા, પરંતુ દિલ્હી કેપિટલ્સ મેનેજમેન્ટ આ વખતે છૂટછાટ આપવા તૈયાર નહોતું. આ જ ખેંચતાણને કારણે તેમણે પદ છોડવાનું નક્કી કર્યું હોવાનું મનાય છે.

દિલ્હી કેપિટલ્સ અત્યાર સુધી એક પણ ટાઈટલ જીતી શકી નથી. ૨૮ માર્ચથી IPL ની ૧૯ મી સીઝન શરૂ થઈ રહી છે અને દિલ્હીની ટીમ ૧ માર્ચથી જ પોતાના અભિયાનની તૈયારીઓ શરૂ કરવાની હતી. હવે જોવાનું એ રહેશે કે મેનેજમેન્ટ કોઈ નવા મેન્ટરની નિમણૂક કરે છે કે પછી કોચિંગ સ્ટાફના સહારે જ મેદાનમાં ઉતરે છે.

# જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય બાળભવનમાં યોજાયો- કૌશલ્ય કુંભ



**પ્રજા પંખ સુરતઃ** જીવનભારતી મંડળ સંચાલિત તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય બાળભવન બાળ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શારીરિક શક્તિઓને વાચા આપવા માટે' કૌશલ્ય કુંભ ' કાર્યક્રમ અંતર્ગત નૃત્ય, કરાટે, એરોબિક જેવી વિવિધ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ દ્વારા શિસ્ત, સાહસ, કલા, લય-લવચિક્તાના સંગમ સહ અદ્ભુત કૌશલ્ય ક્ષમતાઓને ભૂલકાંઓ દ્વારા કલાત્મક પ્રદર્શન રજૂ કર્યું હતું.

બાળ વિદ્યાર્થીઓના અથાગ પરિશ્રમ અને કૌશલ્યને બિરદાવવા મહેમાન પદે પ્રોફેસર શ્રી ડો. ભુવનેશભાઈ શાહ અને શ્રી જામિનીબેન કોન્ટ્રાક્ટર ઉપસ્થિત રહ્યા હતાં.

જીવનભારતી મંડળના અધ્યક્ષ શ્રી ભાનુકુમાર શાહ, મંત્રીશ્રી મયંકભાઇ ત્રિવેદી, ખજાનચી શ્રી અને ભવન પ્રતિનિધિ શ્રી ચિંતનભાઈ શાહ, વાલી મંડળના હોદ્દેદાર શ્રીઓ, વિવિધ ભવન ના આચાર્યશ્રીઓ, નિરીક્ષકશ્રીઓ અને વાલી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચિંતનભાઈ શાહે પ્રાસંગિક ઉદબોધન સહ બાળભવન પરિવારને શુભેચ્છા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ભાવનગર દક્ષિણામૂર્તિથી પધારેલ શ્રી વિપુલભાઈ વ્યાસ અને તેમના પ્રશિક્ષકોએ સવિશેષ હાજરી આપી બાળ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# સુરતના મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને પણ પ્રુવિંગ ગ્રાઉન્ડમાં જીપ રાઇડનો લીધો આનંદ



**સુરત- પ્રજાપંખ -** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા આયોજિત સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૨૬માં રવિવારના રોજ મુલાકાતીઓનો જબરજસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો. રવિવારે એક જ દિવસે અંદાજે ૫૦ હજારથી વધુ લોકોએ ઓટો એક્ષ્પોની મુલાકાત લીધી હતી, જેના કારણે એક્ષ્પોમાં રેકોર્ડ બ્રેક મુલાકાતીઓ નોંધાયા હતા.

સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને પણ રવિવારે ઓટો એક્ષ્પોની મુલાકાત લીધી હતી. તેમણે પ્રદર્શિત કરવામાં આવેલા વિવિધ વાહનો નિહાળ્યા હતા તેમજ પ્રુવિંગ ગ્રાઉન્ડમાં જીપમાં બેસીને ઉબડખાબડ ટ્રેક પર સવારી કરીને તેનો રોમાંચક અનુભવ લીધો હતો. તેમણે સમગ્ર આયોજનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ પ્રકારના ઓટો એક્ષ્પો શહેરના ઓટોમોબાઇલ ક્ષેત્ર માટે ઉપયોગી અને પ્રેરણાદાયક સાબિત થાય છે.




પ્રજા પંખ
સત્યમેવ જયતે

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યકિત, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યકિત આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**



Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com

સંપર્ક
મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# લોક અદાલતઃ સતત ચોથી વખત સુરત જિલ્લો કેસોના નિકાલમાં રાજયમાં ટોચે

## સુરતમાં લોક અદાલતની ઝળહળતી સફળતા સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન




**પ્રજા પંખ, સુરત :** નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી, નવી દિલ્હી દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીની દેખરેખ જિલ્લામાં આવેલી તમામ અદાલતોમાં હેઠળ તા. ૧૪ માર્ચ ૨૦૨૬ ના રોજ સુરત નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટીસ સુશ્રી સુનિતા અગ્રવાલ, જસ્ટીસ એ. વાય. કોગજે (એક્ઝિક્યુટિવ ચેરમેન, GSLSA) અને જસ્ટીસ એ. એસ. સુપેયા (એડમિનિસ્ટ્રેટિવ જજ, સુરત) ના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા લોક અદાલત પહેલાં પ્રી-લોક અદાલત બેઠકઓ યોજી સમાધાન માટે સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી રાહુલ એ. ત્રિવેદીના માર્ગદર્શન અને પ્રયત્નોના પરિણામે આ લોક અદાલતમાં પક્ષકારો અને વકીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરિણામે મોટી સંખ્યામાં કેસોનો સુખદ અને સમાધાનકારી નિકાલ શક્ય બન્યો હતો. આ લોક અદાલતના દિવસે કુલ ૨,૦૪,૯૦૯ જેમાંથી કેસો હાથ ધરાયા હતા, ૨,૦૧,૬૧૯ કેસોનો સફળ નિકાલ કરવામાં આવ્યો હતો. આ કેસોમાં કુલ રૂ. ૧૬૮,૩૪,૧૩,૫૦૧ જેટલી રકમનું સેટલમેન્ટ થયું હતું. આ નોંધપાત્ર કામગીરીને કારણે સુરત જિલ્લો સમગ્ર ગુજરાતમાં કેસોના નિકાલમાં પ્રથમ સ્થાને રહ્યો છે. વિશેષ નોંધનીય છે કે નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ હેઠળના ૪,૧૧૧ કેસોનો સમાધાનથી નિકાલ કરી રૂ. ૯૯,૩૨,૬૬, ૧૫૨ નું સેટલમેન્ટ થયું.ઈ-ચલણના ૧,૮૨,૮૪૪ કેસોનો નિકાલ કરીને રૂ.૧૬,૮૮,૬૧,૦૨૦-ની વસુલાત કરવામાં આવી.પ્રિ-લિટિગેશનના ૨,૬૧,૩૦૧ કેસોનો સમાધાનથી નિકાલ કરી રૂ. ૨૦,૯૯,૮૭,૧૧૩ સેટલમેન્ટ થયું. લોક અદાલતની ઉપલબ્ધિઓમાં ખાસ કુલ ૪,૬૨, ૯૨૧ કેસોનો નિકાલ, એક સિવિલ કેસમાં રૂ. ૬,૫૭,૪૩,૮૫૮ સમાધાન મોટર અકસ્માત વળતર (MACP) ના ૧૭૪ કેસોમાં ૧૬ કરોડથી વધુ વળતર ચુકવાયું એક કેસમાં ૭૦ લાખ અને બીજા કેસમાં ૬૪ લાખનું સમાધાન, ૧૦ વર્ષથી વધુ જૂના ૧૩૩ કેસોનો નિકાલ, ૧૫૬ ટાર્ગેટેડ કેસોનો નિકાલ જેવા નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત થયા છે.

આ સમગ્ર કામગીરીમાં ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન, સિટી બાર એસોસિએશન તથા વિવિધ વકીલશ્રીઓએ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. લોક અદાલતમાં ફોજદારી સમાધાનલાયક કેસો, નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટના કેસો, બેંક વસુલાત, અકસ્માત, લેબર તકરારો, પાણી-વિજળી બિલ, લગ્ન સંબંધિત વિવાદો તેમજ સિવિલ અને રેવન્યુ કેસોનો સમાવેશ કરવામાં મોટર આવ્યો હતો. આ લોક અદાલતમાં પક્ષકારો, વકીલશ્રીઓ તથા સામાન્ય નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સમાધાનનો માર્ગ અપનાવ્યો હતો, જેના કારણે આ આયોજનને ઝળહળતી સફળતા મળી છે .જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી રાહુલ એ. ત્રિવેદીએ નાગરિકોને આગામી લોક અદાલતોનો લાભ લઈને પોતાની તકરારોનો સમાધાનકારી રીતે નિકાલ લાવવાની અપીલ પણ કરી છે.

## સચિન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી દ્વારા વડાપ્રધાન સુધી ઉચ્ચસ્તરે રાવ

# યુદ્ધની આડમાં યાર્નના ભાવમાં કૃત્રિમ તોતીગ વધારો : ટેક્સટાઈલ ઉદ્યોગ બચાવવા તાત્કાલિક હસ્તક્ષેપની માંગ

**પ્રજા પંખ, સુરત-** સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને અસર કરતા યાર્નના ભાવમાં અચાનક થયેલા અસંગત અને તોતીગ વધારાને લઈને સચિન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી લિમિટેડ દ્વારા દેશના ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવી છે. સોસાયટીના સેક્રેટરી મયુર જે. ગોળવાલાએ જણાવ્યું હતું કે યુદ્ધની આડમાં કેટલાક યાર્ન ઉત્પાદકો દ્વારા બજારમાં કૃત્રિમ રીતે ભાવ વધારી ટેક્સટાઈલ ઉદ્યોગને ભારે નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે.

આ મુદ્દે વડાપ્રધાનશ્રી, ટેક્સટાઈલ મંત્રી, ટેક્સટાઈલ કમિશ્નર, ગુજરાતના મુખ્યમંત્રી, ઉદ્યોગમંત્રી તેમજ એન્ટી પ્રોફિટરીંગ કમીટી અને કોમ્પીટીશન કમિશન ઓફ ઇન્ડિયા સમક્ષ વિગતવાર રજૂઆત કરવામાં આવી છે.

સોસાયટીના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ અઠવાડિયામાં પોલિએસ્ટર, વિસ્કોસ અને નાયલોન યાર્નના ભાવોમાં થયેલો વધારો સામાન્ય બજાર પરિસ્થિતિ સાથે કોઈ રીતે અનુરૂપ નથી. કાચા માલના ખર્ચ, ઉત્પાદન ખર્ચ કે વૈશ્વિક બજારની સ્થિતિને ધ્યાનમાં લેતા આ પ્રકારનો અચાનક ભાવ ઉછાળો અસ્વાભાવિક જણાય છે. સોસાયટીના જણાવ્યા અનુસાર બજારમાં દરરોજ સવારે વિવિધ ઉત્પાદકો દ્વારા Sale Closed જેવા સંદેશાઓ મોકલી બજારમાં કૃત્રિમ અછત ઉભી કરવામાં આવી રહી છે. જેના કારણે ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોમાં ભય અને અનિશ્ચિતતાનું વાતાવરણ ઉભું થઈ રહ્યું છે.

વધુમાં, ઘણા ઉત્પાદકો યુદ્ધ પહેલાં ઓછા ભાવમાં થયેલા યાર્નના સોદાનું પાલન પણ કરી રહ્યા નથી. તેઓ વપરાશકર્તાઓને વધારેલા ભાવ પર જ માલ ખરીદવા માટે દબાણ કરી રહ્યા છે. જો વધારેલા ભાવ પર ખરીદી ન કરવામાં આવે તો માલની સપ્લાય અટકાવવામાં આવી રહી છે.

ખાસ કરીને નાયલોન મધર યાર્નના મામલે સ્થિતિ અત્યંત ગંભીર બની છે. લગભગ બે મહિના પહેલાં ૧૯૫ આસપાસ થયેલા સોદાઓ હોવા છતાં માલ સપ્લાય કરવામાં આવ્યો નથી અને હવે તે જ યાર્ન ૨૭૦ સુધીના વધારેલા ભાવે ખરીદવા માટે વપરાશકર્તાઓને મજબૂર કરવામાં આવી રહ્યા છે.

કેટલાક ઉત્પાદકો દ્વારા તો વધુ અયોગ્ય શરતો મુકવામાં આવી રહી છે કે અગાઉના સોદા મુજબનો માત્ર ૫૦% જથ્થો જૂના ભાવે મળશે અને



બાકીના ૫૦% માટે નવા વધારેલા ભાવ ચૂકવવા પડશે.

આ ઉપરાંત દેશભરના મોટા ભાગના મધર યાર્ન ઉત્પાદકોની સંસ્થા દ્વારા ૧૦ માર્ચ પહેલાંના તમામ સોદાઓને Force Majeure નો બહાનો આપી એકતરફી રીતે સ્થગિત કરી દેવામાં આવ્યા છે. જયારે ઉદ્યોગમાં જાણકારી મુજબ અનેક સ્પિનિંગ યુનિટ્સ પાસે પૂરતો કાચો માલ અને ચિપ્સનો જથ્થો ઉપલબ્ધ છે. આવી સ્થિતિમાં Force Majeure નો આશરો લેવો શંકાસ્પદ અને ભાવવધારો જાળવવાનો પ્રયાસ હોવાનું સોસાયટીનું માનવું છે.

સુરત સહિત દેશના ટેક્સટાઈલ ઉદ્યોગમાં લાખો પાવરલૂમ, રેપિયર, એરજેટ, વોટરજેટ, સ્પ્લિટ વોર્પિંગ, સર્ક્યુલર નીટિંગ, એમ્બ્રોડરી અને જરી ઉદ્યોગો સીધા યાર્ન પર આધારિત છે. આ ક્ષેત્રમાં લાખો કામદારોની રોજગારી જોડાયેલી હોવાથી ભાવવધારાની આ પરિસ્થિતિ ઉદ્યોગ માટે ગંભીર ચિંતાનો વિષય બની છે.

### યુદ્ધ પહેલાં અને પછીના યાર્નના ભાવ

| યાર્ન પ્રકાર | યુદ્ધ પહેલાં | યુદ્ધ પછી. | વધારો |
|---|---|---|---|
| પોલિએસ્ટર FDY (50/48) SD | ₹107. | ₹137 | ₹30 |
| પોલિએસ્ટર FDY (50/48) Bright | ₹111 | ₹150 | ₹39 |
| પોલિએસ્ટર FDY (50/24) Catonic | ₹140 | ₹175 | ₹35 |
| પોલિએસ્ટર મધર યાર્ન. | ₹107. | ₹150. | ₹43 |
| નાયલોન ફિલામેન્ટ યાર્ન (40/24) | ₹208 | ₹235. | ₹27 |
| નાયલોન મધર યાર્ન. | ₹215. | ₹270. | ₹55 |
| વિસ્કોસ સ્ટેપલ યાર્ન. | ₹210 | ₹245. | ₹35 |

### મુખ્ય માંગણીઓ-

**ટેક્સટાઈલ ઉદ્યોગના હિતમાં સચિન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી દ્વારા નીચે મુજબની તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છેઃ**

* **જો કોઈ ઉત્પાદક જથ્થો છુપાવી અથવા સપ્લાયમાં હેરફેર કરી યાર્નની કૃત્રિમ અછત ઉભી કરતો હોય તો તેની સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવી.**
* **મોટા યાર્ન ઉત્પાદકો પાસે રહેલા ચિપ્સ અને કાચા માલના જથ્થાનો તાત્કાલિક સ્વતંત્ર ઓડિટ કરાવવો.**
* **Force Majeureના બહાને મોટા પાયે સોદા સ્થગિત કરવાની કાર્યવાહી અંગે તાત્કાલિક તપાસ શરૂ કરવી.**
* **બજારમાં પારદર્શિતા જળવાઈ રહે અને અયોગ્ય ભાવવધારો અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા યોગ્ય નિયંત્રણાત્મક પગલાં લેવા.**

આ અંગે સચિન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી લિમિટેડના સેક્રેટરી મયુર જે. ગોળવાલાએ જણાવ્યું હતું કે ટેક્સટાઈલ ઉદ્યોગ દેશના અર્થતંત્ર અને રોજગારી માટે અત્યંત મહત્વનો ક્ષેત્ર છે. આવા અયોગ્ય ભાવવધારાને સમયસર કાબૂમાં લેવામાં ન આવે તો સમગ્ર ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગ પર ગંભીર અસર પડી શકે છે.

## ૭ વર્ષીય મોહમ્મદ નૌમાન પહેલો રોઝો

# કાળજાળ ગરમીમાં પોતાના જીવનનો રોઝા રાખી રબને રાજી કરવાનો પ્રયાસ

**પ્રજા પંખ સુરતઃ** મુસ્લિમો પોતાના રબ ને રાજી કરવા પવિત્ર રમઝાન માસ દરમિયાન રોજા રાખી નમાજ પઢી અને દુઆઓ ગુજારી બંદગી કરી રહ્યા છે. મુસ્લિમ સમાજનો પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે,

ત્યારે મુસ્લિમ બિરાદરો સહિત નાના બાળકો પણ અલ્લાહની બંદગી અને ઇબાદત કરી રહ્યા છે. ત્યારે સુરત એ લિંબાયત વિસ્તારમાં રહેતા ઇનાયત મનસુરી ના સાત વર્ષનો પુત્ર મહમંદ નૌમાન એ પ્રથમ રોજો રાખી અલ્લાહની (બંદગી) ઇબાદત કરી હતી.



પવિત્ર રમઝાન માસમાં નાના ભૂલકાંએ રોઝા રાખતા પરિવાર માં પણ હર્ષ લાગણી છલકાઈ હતી અને મોહમ્મદ નૌમાન સારા ભવિષ્ય માટે ની દુઆઓ (આશિષ) આપ્યા હતા.

# બ્લોક રિસોર્સ સેન્ટર ઓલપાડ આયોજિત ઓનલાઈન વિજ્ઞાન ક્વિઝનાં વિજેતા જાહેર




મહેન્દ્રસિંહ ગોહિલ (સાયણ પ્રા. શાળા)




કિંજલ પટેલ (રાજનગર પ્રા. શાળા)




જગદીશચંદ્ર પ્રજાપતિ (સાયણ સુગર પ્રા. શાળા)

**પ્રજા પંખ ઓલપાડઃ** બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ દ્વારા તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં ગણિત-વિજ્ઞાન વિષયનાં શિક્ષકો માટે વિજ્ઞાન દિવસ અંતર્ગત ઓનલાઈન ક્વિઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષક ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સદર ક્વિઝનાં વિજેતા શિક્ષકો આ મુજબ જાહેર થયા હતાં. પ્રથમઃ મહેન્દ્રસિંહ ગોહિલ (સાયણ પ્રા. શાળા), દ્વિતીયઃ કિંજલ પટેલ (રાજનગર પ્રા. શાળા), તૃતિયઃ જગદીશચંદ્ર પ્રજાપતિ (સાયણ સુગર પ્રા. શાળા). આ તમામ વિજેતા સારસ્વતમિત્રોને બી. આર. સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ સહિત તમામ સી.આર.સી. કો-ઓર્ડિનેટર મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતાં. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

## કનકપુરમાં નિઃશુલ્ક નેત્ર કેમ્પઃ ૧૫૦ થી વધુ લોકોએ લીધો લાભ

# ૨૭ મોતીયાબિંદ દર્દીઓનું મફત ઓપરેશન SVNM ખાતે થશે



**પ્રજા પંખ સચિનઃ** સચિન-કનકપુર વિસ્તારમાં આવેલ બ્રહ્મા કુમારીઝ અમૃત ભવન (શ્રીજી રો હાઉસ, એલ. સચિન કનકપુર) ખાતે આજે તા. ૧૫ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ બ્રહ્મા કુમારીઝ સચિન RCC અને SUNM સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર, સુરતના સંયુક્ત આયોજન હેઠળ નિઃશુલ્ક નેત્ર તપાસ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી યોજાયો હતો, જેમાં વિસ્તારના ૧૫૦થી વધુ નાગરિકો અને બાળકોએ લાભ લીધો હતો. તપાસ દરમિયાન ૧૨૯ લોકોમાં આંખોની વિવિધ તકલીફો જોવા મળી, જેમાંથી ૨૭ દર્દીઓમાં મોતીયાબિંદ નિદાન થયું. આ તમામ ૨૭ ભાઈ-બહેનોના મોતીયાબિંદના ઓપરેશન SUNM સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર, સુરત ખાતે સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવશે.

આ ઉપરાંત ૨૫ લોકોને રાહત દરે ચશ્મા પણ આપવામાં આવ્યા. અન્ય જેમને નાની-મોટી આંખોની સમસ્યા છે, તેઓને આગળની સારવાર માટે નેત્ર મંદિરમાં આવવા સૂચના આપવામાં આવી છે.

કેમ્પનું ઉદ્ઘાટન બ્રહ્માકુમારી રીના દીદીના કરકમળોથી કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન RCC પ્રેસિડેન્ટ ધનસુખભાઈ પટેલ, કોષાધ્યક્ષ મોહનલાલ સોની, માજી સેક્રેટરી સુરેશ પિછોલિયા, એડિટર મનીષ પટેલ, ઉપપ્રમુખ પ્રકાશ મૌર્ય, પ્રોજેક્ટ ડાયરેક્ટર પવનભાઈ જૈન તથા RCC ચેરમેન પ્રકાશ ભાવસાર, ડો. બી એમ. ગુપ્તા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બ્રહ્માકુમારી રીના દીદીએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી આપણા નેત્ર સ્વસ્થ છે ત્યારે સુધી આપણે આ સુંદર દુનિયાનંલ દર્શન કરી શકીએ છીએ. તેથી આંખોની સંભાળ રાખવી અત્યંત જરૂરી છે.

આજના કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો છે, જે દર્શાવે છે કે આવા આરોગ્યલક્ષી કેમ્પો સતત યોજાતા રહેવા જોઈએ જેથી સમાજને વધુ લાભ મળે. તેમણે કેમ્પના સફળ આયોજન માટે તમામ સેવાભાવી કાર્યકરો અને આયોજકોની પ્રશંસા પણ કરી. ખાસ આભાર ડો. બી. એમ. ગુપ્તા જીનો કે તેઓ દ્વારા આંખની દવા તથા ચેકઅપ વગેરે એમના દવાખાને રાહત દરે કરી આપશે. કાર્યક્રમના અંતે RCC પ્રમુખ ધનસુખભાઈ પટેલે તમામ લાભાર્થીઓ તેમજ SVNM સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર, સુરતના શશીભાઈ અને તેમની ટીમનો, યોગ કોચ કમલેશસિંહ ટ્રેનર જંગ બહાદુર યાદવ તેમજ શિક્ષા કિડ્સ સ્કૂલ પ્રિન્સિપાલ હેતા પટેલ અને સ્ટાફ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉમરપાડા ખાતે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત ભવ્ય યોગ શિબિર યોજાઈ





## ૨૭૦ થી વધુ યોગ સાધકોએ ઉત્સાહભેર ભાગ લઈ યોગમય જીવનનો સંકલ્પ કર્યો

**પ્રજા પંખ -સુરતઃ** રાજય સરકારના 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં એક વિશેષ યોગ શિબિરનું આયોજન કરાયું હતું. ઉમરપાડા તાલુકાના ઉમરગોટ ગામની આદર્શ નિવાસી શાળા ખાતે યોજાયેલી આ શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને યોગ પ્રેમીઓ જોડાયા હતા.

શિબિરમાં ડો. પારુલ પટેલ તેમજ નવનીત શેલડિયાએ યોગ સાધકોને સંબોધતા જણાવ્યું હતું કે, આજના ભાગ દોડભર્યા જીવનમાં તનાવમુક્ત અને સ્વસ્થ જીવન જીવવા માટે યોગ અનિવાર્ય છે. તેમણે મેદસ્વિતાથી બચવા માટે વિવિધ યોગાસનો અને પ્રાણાયામનું પ્રાયોગિક નિદર્શન કરાવી ઉપસ્થિત સાધકોને યોગાઅભ્યાસ કરાવ્યો હતો.

ઉમરપાડા તાલુકાના છેવાડાના માનવી સુધી યોગ પહોચે અને સમગ્ર તાલુકો 'યોગમય' બને તે માટે ગુજરાત રાજય યોગ બોર્ડ સતત પ્રયત્નશીલ છે. આ શિબિરમાં આશરે ૨૭૦થી વધુ યોગી સાધકો સહભાગી બન્યા હતા. આ શિબિર ગુજરાત રાજય યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડિનેટર ડો. પારુલ પટેલ, સુરત જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર નવનીત શેલડિયાની વિશેષ યોગાઅભ્યાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તા.પ્રમુખ રમેશભાઈ, ઉમરગોટ સરપંચ જગદીશભાઈ, શાળાના આચાર્ય ધનશ્યામભાઈ, વિપુલભાઈ, વૃંદાબેન, શાળાના બાળકો સહિત ગ્રામજનો સહભાગી બન્યા હતા.

# કનકપુર SMCગાર્ડનની સુંદરતા વધારવા તત્કાલિન નગરસેવક ચિરાગસિંહ સોલંકી દ્વારા બાંકડાઓની ભેટ





**નાગરિકોને સુવિધા મળે તે હેતુથી રોટરી RCC સચીનના ચેરમેન અને સામાજિક કાર્યકર શ્રી પ્રકાશ ભાવસાર દ્વારા લોકપ્રિય ચોર્યાસી ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈ, વોર્ડ પ્રમુખ તેજસ આહીર તેમજ તત્કાલિન નગરસેવકોને પણ ગાર્ડન માટે નવા બાંકડાઓ ઉપલબ્ધ કરાવવા વિનંતી કરવામાં આવી**

**પ્રજા પંખ, સચીનઃ** સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩૦માંથી નગરસેવક તરીકે ચૂંટાઈને ટી.પી. સ્કીમ સમિતિના સભ્ય તેમજ લાઇટ એન્ડ ફાયર કમિટીના ચેરમેન તરીકે સફળતાપૂર્વક સેવા આપનાર અને તાજેતરમાં પોતાની યશસ્વી પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર શ્રી ચિરાગસિંહ હરિશ્ચંદ્ર સોલંકી દ્વારા વોર્ડ વિસ્તારમાં અનેક નાના-મોટા વિકાસકાર્યો કરવામાં આવ્યા છે.

નગરજનોની સુવિધા અને જાહેર સ્થળોની સુશોભના વધે તે હેતુથી તેઓ દ્વારા વિવિધ સોસાયટીઓ, મંદિરો તથા જાહેર સ્થળોએ બેસવા માટેના બાંકડાઓ આપવામાં આવ્યા છે.

આ સંદર્ભે કનકપુર સ્થિત SMC ગાર્ડન માટે પણ બાંકડાઓની જરૂરિયાત હોવાને કારણે નગરજનો દ્વારા વિનંતી કરવામાં આવી હતી. જેના પ્રતિસાદરૂપે આજે શ્રી ચિરાગસિંહ સોલંકી દ્વારા ગાર્ડનની સુંદરતા અને નાગરિકોની સુવિધા વધે તે માટે ત્રણ નવા બાંકડાઓ આપવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે હાલ ગાર્ડનમાં કુલ ૨૫ બાંકડાઓમાંથી મોટાભાગના બાંકડા જર્જરિત હાલતમાં હોવાથી બેસવા માટે માત્ર એક-બે બાંકડા જ ઉપયોગી સ્થિતિમાં છે. તેથી નાગરિકોને સુવિધા મળે તે હેતુથી રોટરી RCC સચીનના ચેરમેન અને સામાજિક કાર્યકર શ્રી પ્રકાશ ભાવસાર દ્વારા લોકપ્રિય ચોર્યાસી ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈ, વોર્ડ પ્રમુખ તેજસ આહીર તેમજ તત્કાલિન નગરસેવકોને પણ ગાર્ડન માટે નવા બાંકડાઓ ઉપલબ્ધ કરાવવા વિનંતી કરવામાં આવી છે. સ્થાનિક નાગરિકો દ્વારા આ પહેલનું સ્વાગત કરવામાં આવ્યું છે અને ગાર્ડનની સુવિધાઓમાં વધુ સુધારા થાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી કરી

## સી.આર.પાટીલે નવી સિવિલ હોસ્પિટલના સહયોગથી ૫૧ અંગદાતા પરિવારોનું સન્માન કરી અંગદાન સેવાયજ્ઞને બિરદાવ્યો

**અંગદાન એ સૌથી મોટું દાન છે; કપરી પરિસ્થિતિમાં બીજાને નવજીવન આપનાર પરિવારોને નતમસ્તક વંદનઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ**



**સુરત, પ્રજાપંખ :** કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને નવસારીના લોકપ્રિય સાંસદ શ્રી સી. આર. પાટીલે પોતાના જન્મદિવસની ઉજવણી કોઈ આડંબર વગર માત્ર જનસેવા અને સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા કરીને સમાજને એક નવો રાહ ચીંધ્યો છે. તેમના જન્મદિવસે સુરતની નવી સિવિલ હોસ્પિટલના સહયોગથી શ્રી પાટીલે ૫૧ જેટલા અંગદાતા પરિવારોનું ભાવસભર સન્માન કરી તેમની અંગદાન થકી અન્યોને ઉપયોગી થવાની ઉમદા ભાવનાને નતમસ્તક વંદન કર્યા હતા.

શ્રી પાટીલે અંગદાતા પરિવારોને રૂબરૂ મળી, હાથ જોડી નતમસ્તક થઈ અભિવાદન કર્યું હતું અને સ્મૃતિભેટ અર્પણ કરી તેમનો ઋણ સ્વીકાર કરતા તેમણે જણાવ્યું હતું કે, અંગદાન એ મહાદાન છે. જ્યારે પરિવારનો કોઈ સભ્ય 'બ્રેન ડેડ' જાહેર થાય ત્યારે તે અત્યંત દુઃખદ અને કપરી પરિસ્થિતિ હોય છે. આવી સ્થિતિમાં પણ જે પરિવારોએ ધૈર્ય રાખીને પોતાના સ્વજનના અંગોનું દાન કરવાનો કઠોર અને માનવીય નિર્ણય લીધો છે, તેઓ ખરા અર્થમાં વંદનીય છે. તેમના આ નિર્ણયથી કોઈને હૃદય, કોઈને કિડની તો કોઈને લીવર પ્રાપ્ત થયું છે અને અનેક પરિવારોના દીપ બુઝાતા બચ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સમાજમાં અંગદાન પ્રત્યે જનજાગૃતિ આવે તે આજના સમયની માંગ છે. તેમણે આ સેવાયજ્ઞમાં જોડાયેલી નવી સિવિલની મેડિકલ ટીમ અને સ્વયંસેવકોની કામગીરીને પણ બિરદાવી હતી.

રાજયમાં અંગદાન પ્રવૃત્તિઓને જનઆંદોલન બનાવનાર, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા શ્રી દિલીપદાદા દેશમુખે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટીલ હંમેશા પોતાનો જન્મદિવસ લોકઉપયોગી કાર્યો દ્વારા જ ઉજવે છે. અંગદાતા પરિવારોને નાનકડી ભેટ સાથે આત્મીયભાવથી સન્માન કરીને તેમણે સમાજને સંદેશ આપ્યો છે કે દરેક વ્યક્તિએ પોતાના જન્મદિન, એનિવર્સરી જેવા વિશેષ દિવસોની ઉજવણી સેવાકીય પ્રવૃત્તિઓથી કરવી જોઈએ જેથી જરૂરિયાતમંદોને સાચી મદદ મળી શકે.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી દિલીપભાઈ દેશમુખ, નર્સિંગ કાઉન્સિલના શ્રી ઇકબાલ કડીવાલા, કાઉન્સિલર નિર્મલા કાથુડે સહિતના મહાનુભાવો, તબીબી ટીમ અને અંગદાતા પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. આ વેળાએ તમામ પરિવારોએ શ્રી પાટીલને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

# કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલના જન્મદિવસ નિમિત્તે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ ખાતે અભિનવ સેવાયજ્ઞનો પ્રારંભ

## મૃતદેહના સન્માનજનક અંતિમ વિદાય માટે કફન, પ્લાસ્ટિક અને કોફિન બોક્સ વિનામૂલ્યે અપાશે



**પ્રજા પંખ, માહિતી બ્યુરો-સુરત :** કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સરકારી નવી સિવિલ હોસ્પિટલ ખાતે માનવતાના અભિગમ સાથે વિશેષ સેવાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નવી સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે સ્વ.મંજુલાબેન રમેશચંદ્ર પટેલના સ્મરણાર્થે અને શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, ફોસ્ટા પ્રમુખ કૈલાશ હકીમ, પૂર્વ ઉપાધ્યક્ષ છોટુભાઈ પાટીલ તથા પૂર્વ નગરસેવક દિનેશ રાજપુરોહિતના વિશેષ સહયોગથી મૃતદેહ માટે જરૂરી કફન, પ્લાસ્ટિક અને અન્ય ઈતર સામગ્રી વિનામૂલ્યે વિતરણ કરાશે.

નવી સિવિલ ખાતે સ્વર્ગસ્થના પરિવારજનોને મુશ્કેલીના સમયે શાંતિ અને સંતોષ મળે તેવા ઉમદા હેતુથી આ સેવા પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. જો મૃતદેહને વિમાન અથવા ટ્રેન મારફતે વતન લઈ જવાનો હોય, તો તેના માટેના સ્પેશિયલ કોફિન બોક્સની સુવિધા પણ મફત ઉપલબ્ધ કરાશે. અંગદાનના કિસ્સામાં પણ સન્માનજનક રીતે દેહને વિદાય આપવા માટે કફન અને કોફિન બોક્સની વ્યવસ્થા કરવામાં આવશે. હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે મૃતકોના પરિવારજનો માટે ચા-પાણીની વ્યવસ્થા પણ નિઃશુલ્ક સેવા કાર્યરત કરાઈ છે. જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે હોસ્પિટલના સફાઈકર્મીઓના સમર્પણને બિરદાવવા માટે તેઓને સાડી વિતરણ પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. ધારિત્રી પરમાર, ટી.બી. વિભાગના વડા ડો. પારૂલ વડગામા, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, ડો. કેતન નાયક તથા નર્સિંગ એસો.ના નિલેશ લાઠીયા, અશ્વિન પંડયા, વિરેન પટેલ, સંજય પરમાર, વિભોર ચૂગ સહિત સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

# એક હજાર નિરાધાર મહિલાઓને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું



**સુરત-(પ્રજાપંખ)-** વીઆઈપી રોડ પર આવેલા શ્રી શ્યામ મંદિર, સુરતધામ ખાતે શનિવારે શ્રી શ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા એક હજાર નિરાધાર મહિલાઓને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ કૈલાશ હાકિમે જણાવ્યું હતું કે આપણા લોકલાડીલા સાંસદ અને કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી. આર. પાટીલ સાહેબના જન્મદિવસ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230